R.N.I. No. MAHBIL/2020/79181

ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

Since 1924...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૨મું

VOLUME : 06 • ISSUE : 07 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH FEBRUARY 2026

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

HD Fire Protect Limited
Corporate HQ: D-6/2, Road No. 34,
Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 35287000 Email: info@hdfire.com

HD FIRE PROTECT™
Protecting what matters most to you

90 COUNTRIES. 1 PROMISE.
PEACE OF MIND.

35 YEARS OF TRUST

With a customer-centric approach, extensive manufacturing capabilities, and a commitment to service excellence, you can rest easy knowing that we have got your back.

Distributed 90+ countries
Trusted by 2K+ clients
Global Certifications

www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation

6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

ઓનલાઈન છેતરપીંડીથી બચો

- CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150

આજે રોજ સમાચારપત્રોમાં આપણે ડિજિટલ ધરપકડ દ્વારા વરિષ્ઠ નાગરિકો સાથે થતી છેતરપિંડી વિશે વાંચીએ છીએ. છેતરપિંડી કરનારા મોટાભાગના લોકો શિક્ષિત છે અને સરકારી સંસ્થાઓ, પોલીસ દળ, લશ્કર વગેરે સહિત બેંકોમાં ઉચ્ચ હોદ્દા પર કામ કરી ચૂક્યા છે. સરકાર નિયમિતપણે જાહેરાતો, સોશિયલ મીડિયા પર સંદેશાઓ, ટીવી પર જાહેરાતો વગેરે પ્રસારિત કરી રહી છે, છતાં પણ દરરોજ વધુને વધુ વરિષ્ઠ નાગરિકો લૂંટાય છે. છેતરપિંડીનો ભોગ બનનારા લોકો સારી રીતે જાણે છે કે ઓનલાઇન ડિજિટલ ધરપકડ જેવું કંઈ નથી, છતાં પણ તેઓ ફસાઈ જાય છે.

આવું કેમ થઈ રહ્યું છે? શિક્ષિત અને જ્ઞાની લોકો પણ કેમ ફસાઈ રહ્યા છે? સમજી શકાય કે જો કોઈ લોભી હોય, તો તે વધુ પૈસા કમાવવા માટે ફસાઈ શકે છે પરંતુ દર વખતે એવું નથી હોતું. અને ડિજિટલ ધરપકડમાં, પૈસા કમાવવાની કોઈ શક્યતા નથી. બેંકોમાં છેતરપિંડી દરરોજ થતી હોય છે પરંતુ તે અખબારોમાં પ્રકાશિત થતી નથી અને તેથી ખૂબ ઓછા લોકોને આવી છેતરપિંડીની માહિતી મળે છે. વરિષ્ઠ નાગરિકોએ દર મહિને તેમની પાસબુક અપડેટ કરાવવી જોઈએ અને દર ૩ મહિને લોકર ચેક કરી લેવું જોઈએ અને એફ.ડી. રસીદોની પાકતી તારીખે, ઓટો રિન્યુઅલને બદલે નવી રસીદો મેળવવી જોઈએ. આ અંગે વધુ વિગતો એક અલગ લેખમાં પ્રકાશિત કરીશું.

છેતરપિંડી કરનારાઓ દ્વારા કરવામાં આવતી કાર્યવાહીની પદ્ધતિ એવી છે કે લોકો ફસાઈ જાય છે અને આવા ફંદામાંથી બહાર નીકળી શકતા નથી અને તેઓ તેમના જીવનભરની બચત ગુમાવે છે. આજે ઘણા વરિષ્ઠ યુગલો વિવિધ કારણોસર તેમના બાળકોથી અલગ રહે છે અને તેથી તેઓ આજના યુગમાં ટેકનોલોજીમાં થતા રોજિંદા ફેરફારોથી સારી રીતે વાકેફ નથી.

પ્રકાશ સમીક્ષા આ અંગે ગુજરાતીમાં લેખો પ્રકાશિત કરવાનું શરૂ કરશે જેમાં વરિષ્ઠ નાગરિકોના રોજિંદા જીવન સાથે સંબંધિત વિવિધ વિષયો આવરી લેવામાં આવશે. આ લેખોમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ, આરોગ્ય સંભાળ, પરિવારના સભ્યો સાથેના સંબંધો, બેંકિંગ નિયમોમાં નવા ફેરફારો, ઘરગથ્થુ સહાય મેળવવી, સ્થાનિક અને રાષ્ટ્રીય મુસાફરી વગેરેનો સમાવેશ થાય છે. દરેક વિભાગમાં મહત્તમ માર્ગદર્શન અને માહિતી આવરી લેવામાં આવશે.

શ્રી રાજેશભાઈ પ્રેમજી શાહ (લોડાયા)-મોટી સિંધોડી (સાયન) એ વર્ષ ૨૦૨૫માં પ્રકાશ સમીક્ષામાં લેખો આપનારા તમામ લેખકોને ટ્રોફી અને શ્રેષ્ઠ લેખકો અને નવા લેખકોને વિશેષ ઇનામો આપવાનું નક્કી કર્યું છે. રાજેશભાઈનો આ ઉમદા વિચાર ચોક્કસપણે લેખકોને વધુ પ્રોત્સાહિત કરશે.

વાનગી પ્રતિયોગિતાના સર્વે સ્પર્ધકોને અભિનંદન. વિજેતાઓને ભેટ મોકલી આપવામાં આવી છે. આ પ્રતિયોગિતાના સંયોજક શ્રીમતી માલતીબેન ધરમશી મહિલાઓ માટે અન્ય વિષય ઉપર સ્પર્ધા યોજવાની તૈયારી કરી રહ્યા છે. સૌ સન્નારીઓ પ્રકાશ સમીક્ષા અને વનિતા વિશ્વ નિયમીત વાંચતા રહેજો. આપ સૌના સહયોગની આશા છે.

આદ્યતંત્રીઓ

''પ્રકાશ''

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

''સમીક્ષા''

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

''પ્રકાશ સમીક્ષા''

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

તંત્રી : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

સહતંત્રી : શિલ્પાબેન અજાણી

ટ્રસ્ટ રજી. નં : F - 69260

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

અન્ય ટ્રસ્ટીઓ

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
ઍડ. શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
શિલ્પાબેન અજાણી
જયંત વિશનજી છેડા
ઍડ. કેતન મધુકાંત લોડાયા

સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

વૉલ્યુમ : ૦૬, અંક : ૦૭, તા. ૦૫-૦૨-૨૦૨૬

: કાર્યાલય :

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

PRAKASH SAMIKSHA

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

: જાહેરાત સંપર્ક :

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**

વિશેષ નોંધ : પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

પ્રકાશ સમીક્ષાની ટૂંકી અને સચોટ સમીક્ષા

'પ્રકાશ' સમીક્ષા સામાયિક ખરેખર કચ્છી દશા ઓશવાળ સમાજની અસ્મિતા અને એકતાનું પ્રતીક છે. વર્ષોથી આ પ્રકાશન જે રીતે સમાજમાં જ્ઞાન અને જાગૃતિ ફેલાવી રહ્યું છે, તે અભિનંદનને પાત્ર છે.

૧. કચ્છી દશા ઓશવાળની સાચી ઓળખ : પ્રકાશ સમીક્ષા માત્ર એક અંક નથી, પણ સમાજના દરેક ઘરને જોડતી એક કડી છે. તે જ્ઞાતિના રીત-રિવાજો, ભવ્ય ઈતિહાસ અને સંસ્કારોને નવી પેઢી સુધી પહોંચાડવાનું કામ કરે છે. તે સાચા અર્થમાં સમાજનું મુખપત્ર છે.

૨. સચોટ અને ઉચ્ચ સ્તરનું લેખન : આ સામાયિકની સૌથી મોટી તાકાત તેનું લખાણ છે.

વિચારશીલ લેખોઃ સામાજિક કુરીવાજો પર પ્રહાર અને સકારાત્મક પરિવર્તન લાવનારા વિચારો.

નિષ્પક્ષતાઃ સમાજની ઘટનાઓને સાચી અને સચોટ રીતે રજૂ કરવામાં આવે છે.

૩. આરોગ્ય વિશેની અમૂલ્ય માહિતી : બદલાતી જીવનશૈલીમાં 'પ્રકાશ' દ્વારા અપાતી હેલ્થ ટિપ્સ અને નિષ્ણાત ડોક્ટરોના માર્ગદર્શન દ્વારા સમાજના વડીલોથી માંડીને યુવાનો સુધી સૌને ઘરબેઠાં આરોગ્યની જાળવણી કરવાનું માર્ગદર્શન મળે છે.

૪. સામાજિક કાર્યક્રમોની ઝાંખી : સમાજમાં કયાં શું નવું થઈ રહ્યું છે, કયા મંડળો કાર્યરત છે અને કયા પ્રતિભાશાળી યુવાનોએ સિદ્ધિઓ મેળવી છે, તેની વિગતવાર નોંધ અહીં જોવા મળે છે. આનાથી સમાજના લોકોમાં એકબીજા પ્રત્યેનો આદર અને પ્રોત્સાહન વધે છે.

નિષ્કર્ષઃ - પ્રકાશ સમીક્ષા એ માત્ર કાગળ પર છપાયેલા અક્ષરો નથી, પરંતુ સમાજના ઉત્કર્ષ માટે પ્રજવલિત એક એવી જ્યોત છે જે વર્ષોથી અંધકાર દૂર કરી જ્ઞાનના અજવાળા પાથરી રહી છે. તેની નિરંતરતા જ તેની સફળતાની સાક્ષી પૂરે છે.

- હિરેન હિંમતલાલ શિયાલ-જામનગર

મો.: ૯૯૦૯૦૨૩૫૩૧



કચ્છ દર્શન

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૫૭)

(ગતાંકથી ચાલુ)



રામસિંહજી રાઠોડ
ઈતિહાસ, ભૂગોળ, પુરાતત્વ, લોકસાહિત્ય, કલા અને ભૂસ્તરના અભ્યાસી

ભારતીય સંસ્કૃતિ દર્શન મ્યુઝિયમનું અવલોકન કરીએ તે પહેલા ક્યુરેટર શ્રીમતી નીતાબેન જોષી પાસેથી રામસિંહજી રાઠોડ વિશે માહિતી મેળવીએ.

રામસિંહજી રાઠોડ (૮ ડિસેમ્બર ૧૯૧૭ - ૨૫ જૂન ૧૯૯૭) એ ભારતીય વનસેવામાં વન અધિકારી હતા. તેઓ કચ્છનાં ઈતિહાસ, ભૂગોળ, પુરાતત્ત્વ, લોકસાહિત્ય, કલા અને ભૂસ્તરના અભ્યાસી હતા. તેમને ૧૯૬૨માં રણજિતરાય સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. તેમનો જન્મ કચ્છના ભુવડ ગામમાં થયો. તેમણે ભુજમાં રહી ૧૯૩૩માં મૅટ્રિકની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી. કુમાર માસિકના વાંચનથી તેઓ સાહિત્ય કલા, ફોટોગ્રાફી વગેરે વિષયો તરફ આકર્ષાયા હતા.

કચ્છ રાજ્ય તરફથી ૧૯૯૩૫માં તેઓ દેહરાદૂન ગયા, ત્યાં ઈમ્પીરિયલ ફૉરેસ્ટ કૉલેજમાં વનવિદ્યાનો અભ્યાસ કરી ૧૯૩૭માં તેમણે ડિપ્લોમાં મેળવ્યો. તે પછી તેઓ કચ્છ રાજ્યના જંગલ ખાતામાં રેન્જ ફૉરેસ્ટ ઓફિસર તરીકે નિયુક્ત થયા. તેની કારકિર્દી દરમિયાન તેમણે ઘણો પ્રવાસ કર્યો અને તે દરમ્યાન તેમણે કચ્છની લોકકલાઓ, લોકસાહિત્ય, ઈતિહાસ, ભૂગોળ,ભૂસ્તર, પુરાતત્ત્વ વગેરેનો અભ્યાસ કર્યો.) અને તેઓ કચ્છ રાજ્યના ફૉરેસ્ટ સુપરિન્ટેન્ડન્ટ તરીકે નિમણૂક પામ્યા. પછીના સમયમાં તેમણે વનવિભાગના વડા સ્પેશ્યલ ફૉરેસ્ટ ઓફિસર, ગુજરાત રાજ્યમાં વિભાગીય વન અધિકારી અને છેલ્લે ભારતીય વનસેવામાં વન અધિકારી જેવા વિવિધ પદોએ સેવા આપી. તેમણે ૧૯૮૦માં ભુજમાં ''ભારતીય સંસ્કૃતિ દર્શન-કચ્છ'' નામના એક સંગ્રહાલય સ્થાપ્યુ હતું, તેમાં તેમના દ્વારા સંશોધિત માહિતીના નમૂના સંગ્રહવામાં આવ્યા છે. ૨૫ જૂન ૧૯૯૭ના દિવસે કચ્છમાં ભુજ ખાતે તેઓ અવસાન પામ્યા.

તેમણે કચ્છમાં પ્રવાસ કરીને પૌરાણિક ખંડેરો, દટાઈ ગયેલાં બંદરો, પ્રાચીન મંદિરો, દેરીઓ, પાળિયા, મસ્જિદો, મૂર્તિઓ વગેરેનો અભ્યાસ કરી કથા-દંતકથા, ઈતિહાસ, ભૂગોળ વગેરે અંગેની ઘણી માહિતીઓ ભેગી કરી હતી.

એક મિત્ર સાથે મળીને તેમણે 'બંસરી' નામે હસ્તલિખિત માસિક કાઢ્યું હતું. તેઓ તેને ચિત્રોથી પાસ સજાવતા હતા. તેમણે ૧૯૪૯માં 'કુમાર' સામાયિકમાં 'ગુજરાતમાં પેટ્રોલિયમ' વિષય પર લેખ લખી ભારતના પશ્ચિમ કાંઠે પેટ્રોલિયમ ઉત્ખનનની શક્યતા પહેલ વહેલી વ્યક્ત કરી હતી. તેમણે કચ્છ સાંસ્કૃતિ, સ્થાપત્યને લાગતાં નકશા. ચિત્રો, ફોટા ઈત્યાદિ મેળવી 'કુમાર' માસિકમાંએક લેખમાળા લખી હતી. આ લેખમાળા 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' નામના ગ્રંથ સ્વરૂપ ઈ.સ. ૧૯૫૯માં પ્રકાશિત થઈ હતી. તેમનું બીજું પુસ્તક 'ગુજરાતી ભાષામાં ભણતર તથા ગુજરાતી સાહિત્ય' નામે પ્રગટ થયું હતું. જેમં કચ્છી બોલી વિષે માહિતી આપવામાં આવી હતી. 'કચ્છ ઍન્ડ રામરાંધ' (રામરાંધ (કચ્છી)= રામલીલા) નામના એમના પુસ્તકમાં કચ્છી રામલીલા ઉપરાંત ચિત્રકલા, મૂર્તિઓ, ભૂગોળ, લોકસંસ્કૃતિ, ઈતિહાસ વગેરેની માહિતી સંકલિત કરવામાં આવી છે...

પ્રાચિન કાળના 'વરરાજા'

વધુ આવતાં અંકે...

મનસ્વી નિર્ણયો કે સમયની માંગણી?

તાજેતરમાં જૈનોના મહાતીર્થ એટલે પાલીતાણા શત્રુંજય ગિરિરાજ ઉપર થયેલી ફોટોગ્રાફી ના કારણે પવનના વેગે જે ચર્ચા ઉપડી છે એ સોશિયલ મીડિયામાં ટોક ઓફ ધ ટાઉનની જેમ ફરતી થઈ છે અને તે સામે ખુદ આણંદજી કલ્યાણજી પેઢીએ આ ચર્ચાને પૂર્ણવિરામ મૂકવા માટે સીસીટીવી ફૂટેજ ચેક કરી તે અંગે એક રદિયો આપેલ છે તો પણ ક્યાંક તો અશાતના થઈ છે તેના વગર ધુંવા ઉડે નહિ. પણ હકીકત તો જે તે સમયે ગંભારામાં હાજર રહેલ ભક્તો જ આપી શકે.

સંઘ દ્વારા આ તાત્કાલિક મિટિંગ અને વિધર્મી યુવકોનો વીડિયોગ્રાફીનો કોન્ટ્રેક્ટ રદ કર્યા બાદ પણ આ કિસ્સો આવનારા સમયમાં જૈનો માટે લાલ બત્તી સમાન છે. ક્યાંક તો એવી પણ ચર્ચા થાય છે કે આ તો એક ઝલક છે પણ આવનારા સમયમાં આપણા દેરાસરોમાં આપણે ફક્ત મુક પ્રેક્ષક બનવું પડશે. રોજ દર્શન પૂજા કરતા શ્રાવક શ્રાવિકાને ઊંડે ઊંડો ડર તો પેસી જ ગયો છે અને રોષે ભરાય એ સ્વભાવિક છે. તો તેઓનો વર્ગ પણ વધવા લાગ્યો છે જે પોતાને નાસ્તિક સમજવા લાગે છે અને એમના પેટનું પાણી પણ હાલતું નથી.

આવ મનસ્વી નિર્ણયો લેવાતા હોય ત્યારે અન્ય સેક્યુલર ટ્રસ્ટ હેઠળના દેરાસરોમાં પણ તેઓના નિર્ણયો સર્વોપરી રહેશે જેમાં શ્રાવક શ્રાવિકાનું કોઈ સાંભળનાર હશે નહીં અને આવતીકાલે એમને દેરાસરમાં પગ ન મુકવાનો ફતવો પણ બહાર પાડી શકે છે. આ અંગે આપણી પરવાનગી લેવાની નથી કે આપણું કંઈ ચાલવાનું નથી. હવે ફોટો ને વિડિઓ વગર આપણે કોઈ કાર્યો કરતા નથી અને ફાટો પડાવા માટે જ આપણે ઉભા થઈએ છીએ અને એમાં જ આપણે ધર્મ સમજવાની મોટી ભૂલ કરી રહ્યા છીએ.

આપણા સમાજમાં પણ મહાજનના નેજા હેઠળના ઘણા દેરાસરોમાં પણ પુજારી અને મહેતાજી અન્ય જાતિના રાખવા પડે છે અને ક્યાંક ચાલતા જીણોદ્ધાર અને કોતરકામોના કામોમાં પણ અશાતના ન થાય અને સમાજનું ઔચિત્ય જળવાય એ જોવું જોઈશે. બસ આ એક કિસ્સો તો મોટો હતો જે સૌના આંખે વળગ્યો પણ આવા કેટલાય સેક્યુલર ટ્રસ્ટ હેઠળના દેરાસરમાં મનસ્વી નિર્ણયો લેવાતા હશે એ તો ત્યાંના રહેવાસી ને જ ખબર હશે આ અંગે આપણે શું કરવું જોઈએ એ મોટો યક્ષ પ્રશ્ન વિચારવા જેવો છે.

ઍડ. કેતન મધુકાંત લોડાયા
કોઠારા (ગાંધીધામ)
મો.:૯૮૭૯૫૨૨૬૪૨

ગુસ્સો કરતા પહેલા વિચારજો

ગુસ્સો એટલે શરીરમાં આપણું લોહી ઉકળે કોઈ પણ કારણસર. ઘણીવાર કારણ વગર ગુસ્સો આવી જાય. મગજ શાંત થાય ત્યારે ખબર પડે કે મેં તો કારણ વગર ગુસ્સો કર્યો અને પોતાને હાનિ પહોંચાડી. આપણે બોલીએ ગુસ્સો આવી જાય છે. ગુસ્સો આવે એટલે જીવ બળે. એનું કારણ આપણે પોતે છીએ. કોઈ પણ કાઈ પણ આપણા પ્રમાણે ન થાય એટલે ગુસ્સો આવે. આપણે એટલા અનુભવી હોઈએ છતાં કોઈ આપણો અનુભવ સાંભળવા તૈયાર ન હોય તો ગુસ્સો આવે. ગુસ્સો એટલે ઘરવાળા ઉપર, બાળકો ઉપર, સ્ટાફ ઉપર કે કોઈના ઉપર કાઢીએ. છેલ્લે હાનિ આપણને હોય છે. એટલે મગજ શાંત રાખી શાંતિથી વિચાર કરી સાંભળીએ, પછી બોલીએ સમજદારીથી કામ કરીએ તો કોઈને તકલીફ નહીં અને આપણી પણ સ્વસ્થતા (Health) જળવાઈ રહે. ઘણાની આદત હોય છે વાતવાતમાં ગુસ્સો કરવાની, પછી કહે મને તો ખબર જ નથી. ગુસ્સો કરવાનું કારણ શોધીએ તો અન્ય કોઈની સાથે આપણને હાનિ ન પહોંચે. જરા શાંતિથી વિચારજો.

- જસ્મીન જયંત છેડા

પ્રકાશ સમીક્ષા શતાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રકાશિત
કૉફી ટેબલ બુક 'પ્રકાશ વિશેષ'માંથી ક.દ.ઓ.
વ્યક્તિ વિશેષોની લેખમાળાનો પચ્ચીસમો મણકો પ્રકાશિત છે.
આગામી દરેક અંકમાં ક્રમશઃ એક મણકો પ્રકાશિત થશે. - CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

નેહલ અમર શાહ-ખોના

ઓછાબોલી બહુ ખીલી

રાજકારણ પણ સેવાક્ષેત્ર છે, જો પ્રામાણિકતાપૂર્ક કરીએ તો. આપણાં આ સ્વજને એનો અનુમોદનીય દાખલો બેસાડ્યો છે. પિતાના બિઝનેસ, સેવા અને પરિવાર ત્રણેય મોરચે તેઓ અદભુત સંતુલન રાખીને આગળ વધી રહ્યાં છે

વ્યક્તિત્વ

"બહેન, આટલી બધી સેવાઓ કરો છો તો તમે ચૂંટણી કેમ નથી લડતાં? આ ૧૭૪ વોર્ડ મહિલા માટે આરક્ષિત થયો છે તો..." ૨૦૧૧માં મુંબઈ મહાપાલિકાની ચૂંટણી વખતે અમુક શુભેચ્છકોએ પહેલીવાર આ પ્રસ્તાવ મૂક્યો ત્યારે નેહલ શાહ (ખોના)એ પહેલાં તો વાત હસી કાઢી. હું અને ચૂંટણી?! એક મિત્રની સેવાસંસ્થા, યંગ ઇન્ડિયા ફોરમમાં સમાજસેવા કરતાં કરતાં ટ્રસ્ટી બન્યા પછી, જ્યારે આ પ્રશ્ન આવ્યો ત્યારે એ સ્પષ્ટ હતું કે નેહલ નામની નમણી મહિલાએ કરેલાં કામની નોંધ સર્વત્ર લેવાઈ રહી હતી. છતાં, પારિવારિક જવાબદારી, પિતાના વેપારમાં પણ વ્યસ્ત રહેવા સાથે રાજકારણ કેમ શક્ય થાય? સમય કેવી રીતે મળે?

એ સમયે તેઓ વિસ્તારના ફ્લાયઓવરના કામમાં આવતી અડચણો સાથે પનારો પાડી ચૂક્યાં હતાં. એથી મનમાં થયું, "કોઈક ઉપાય તો જોઈએ જેનાથી સમાજનાં કામ કરવામાં આવી પ્રશાસનિક આડખીલીઓ પાર કરી શકાય. દરેક વાતે પૈસા ખવડાવવાની નોબત ના આવે." છેવટે, પરિવાર સાથે ચર્ચા થઈ. નિર્ણય લેવાયો અને નેહલબહેને લોકસત્તા પાર્ટી નામની નાનકડી પાર્ટીની ટિકિટ પર ઝંપલાવ્યું રાજકારણમાં.

આ નેહલ ખોના એટલે આપણી જ્ઞાતિનાં એક પ્રતિભાશાળી સામાજિક કાર્યકર અને રાજકીય આગેવાન. હજી હમણાં જ એમણે જીવનની સુવર્ણજયંતી ઉજવી છે. ફરજો નિભાવવામાં તો તેઓ ક્યારનાં સોનેરી સોપાનો સર કરી રહ્યા છે. એમના ચૂંટણી લડવાના નિર્ણયનું આગળ શું થયું એની વાત આગળ. પહેલાં એમના જીવન પર દ્રષ્ટિપાત કરીએ...

૧૯૭૩માં મુંબઈમાં મધ્યમવર્ગીય જૈન ગુજરાતી પરિવારમાં જન્મ. માબાપ ચંદ્રલતા ભુપેન્દ્ર શાહને નેહલ ઉપરાંત જેસલ અને ભાવલ એમ ત્રણ દીકરી. ઘર હતું ઘાટકોપરમાં. નેહલનો શાળાકીય અભ્યાસ દાદરની જે. બી વાચ્છા સ્કૂલમાં અને ૧૯૯૩માં ફર્સ્ટ ક્લાસ સાથે કોમર્સમાં ગ્રેજ્યુએશન થયું માટુંગાની પોદ્દાર કોલેજથી. આદર્શ મધ્યમવર્ગીય પરિવારમાં ભણતર સાથે બાળકમાં જ્ઞાન સિંચાય, ઘરની જવાબદારીઓની સમજણ રેડાય એવું નેહલ સાથે પણ થયું. બાળપણથી એને રાંધણકળા અને ગાયકીનો શોખ પણ રહ્યો. નેહલબહેન એ મજાના દિવસોને યાદ કરતાં કહે છે, "પપ્પા પક્ષનો અમારો પરિવાર બહોળો. તેઓ કુલ અગિયાર ભાઈ-બહેનો. વેકેશન વીતે મામાને ઘેર ઘાટકોપર. પિતાનો મશીનરીનો સરસ જામેલો બિઝનેસ. વડાલામાં એમની બે કંપનીઓ ચાલેઃ સૌરાષ્ટ્ર સિસ્ટોપેક પ્રાઇવેટ લિમિટેડ અને સૌરાષ્ટ્ર માર્કેટિંગ કોર્પોરેશન. કંપની પેપર અને પેકેજિંગ ટેસ્ટિંગ ઇક્વિપમેન્ટના ઉત્પાદનમાં વ્યસ્ત.

બાળનેહલ શરમાળ અને મિતાક્ષરી હતી. ભણવામાં ખૂબ સારી. જાહેર જીવનમાં ઝંપલાવ્યા પછી સમૂળગો બદલાઈ જવાનો એની ક્યાં શિક્ષકોને ખબર હતી? ગ્રેજ્યુએશન પછી નેહલની એમબીએ અને સી. એ. કરવાની મહત્ત્વાકાંક્ષા સંજોગવશાત્ બર આવી નહીં. છેવટે લીધેલા નિર્ણયની વાત કરતાં નેહલબહેન કહે છે, "વેબ ડેવલપમેન્ટ ત્યારે વિકસતું ક્ષેત્ર બની રહ્યું હતું. મેં કોર્સ કર્યો, એવી ગણતરી સાથે કે પપ્પાના બિઝનેસમાં એ કામ આવશે." કોર્સ પછી નેહલબહેને પપ્પાના વેપારની વેબસાઇટ સાથે ટેક્નિકલ સિસ્ટમ ઊભી કરી. પપ્પા સાથે કોન્ફરન્સ વગેરેમાં પણ જાય.

એવામાં દીકરીનાં લગ્નનો વિચાર પરિવારમાં શરૂ થયો. નેહલબહેન કહે છે, "કોમ્પ્યુટર કોર્સ વખતે કચ્છી દશા ઓશવાલ પરિવારના અમર સાથે મારો પરિચય થયો હતો."

૨૦૦૪માં લગ્ન થયાં અને શાહમાંથી તેઓ બન્યાં ખોના. સાસરું ઘાટકોપરમાં. ઉષાબહેન ભરતભાઈના તેઓ દીકરા અને ડિજિટલ માર્કેટિંગનું કામકાજ છે. એમની કંપની તક્ષ સ્ટુડિયો. સાસરિયે નેહલબહેનને નેહની કમી નથી. સાસુ-સસરા બેઉ બેહદ સપોર્ટિવ. તેથી લગ્ન પછી પણ નેહલબહેન પપ્પાના બિઝનેસ ઉપરાંત સેવાક્ષેત્રે આગળ વધી શક્યાં. લગ્નના એકાદ વરસે એમને સ્મિત નામે દીકરો થયો અને આવ્યો બ્રેક, "બાળકને માની જરૂર શરૂઆતનાં વરસોમાં પડે. તેથી મેં ઓફિસ જવાનું બંધ કરીને એના ઉછેર પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ત્રણ-

ચાર વરસ બસલ હુ અને સ્મિત...'' ૨૦૦૯-૧૦માં દીકરો સિનિયર કેજીમાં પહોંચ્યો ત્યાં ફેમિલી શિફ્ટ થયું માટુંગા. સાથે નેહલબહેને ફરી પ્રવૃત્તિ આદરતાં પિતાનો બિઝનેસ રિજોઈન કર્યો. એકમાં ડિરેક્ટર તો બીજામાં પાર્ટનર તરીકે તેઓ ફરજ બજાવે છે.

હવે, પાછા ફરીએ જાહેર જીવનની વાત પર. પેલી ચૂંટણીમાં ઊભાં રહેવાની વાતની ઘેર તરફેણમાં નિર્ણય આવ્યો. એનજીઓમાં વધુ સારું યોગદાન આપવા ૨૦૧૨માં, વોર્ડ ૧૭૭થી ચૂંટણી લડતાં તેઓએ, નગણ્ય પક્ષનાં ઉમેદવાર તરીકે કુલ ૨૦,૦૦૦માંથી અઢી હજાર મત મેળવ્યા. એ મોટો અપસેટ અને ઉમેદવારની લોકપ્રિયતાનું જ્વલંત ઉદાહરણ હતું. કારણ, સીધું ગણિત કે મોટા પક્ષ સિવાયના ઉમેદવારો બહુ બહુ તો સો-બસો, ત્રણસો મત મેળવે એ હદ થઈ.'' પાંચેક વરસે ફરી મહાપાલિકાની ચૂંટણી આવી ત્યાર સુધીમાં તો વય, વ્યવસાય અને સેવા ત્રણેય મોરચે નેહલબહેન ખાસ્સાં પરિપક્વ થઈ ચૂક્યાં હતાં. એમના ખાતામાં ટકોરાબંધ સેવાઓની જમાપુંજી બોલતી હતી. એનાથી ઇમ્પ્રેસ થયો ભાજપ અને એણે નેહલબહેનને પક્ષમાં લીધાં ટિકિટ આપી. એમાં શું થયું ? નેહલબહેન સાડાઆઠ હજાર મત સાથે વિજેતા થયાં.

એ દિવસથી આજ સુધી બિઝનેસ સાથે રાજકારણ અને એનજીઓના માધ્યમથી તેમનો સેવાયજ્ઞ નિરંતર ચાલી રહ્યો છે. દીકરો સ્મિત બીબીએનો કોર્સના બીજા વરસમાં પહોંચીને કરિયરના બારણે ટકોરા દઈ રહ્યો છે. અને અમરભાઈ સાથેનો સંસાર પણ સુખની ડાળીએ મોજ કરી રહ્યો છે.

વિચારસત્ત્વ

આપણા સમાજનું રાજકારણમાં ઝાઝું પ્રતિનિધિત્વ નથી. નેહલબહેન જેવાં અપવાદ સત્તામાં આપણા અવાજનું પ્રતિનિધિત્વ કરે છે એ આનંદની વાત છે. રાજકારણ વિશે તેઓ કહે છે, ''દાખલા તરીકે, સંસ્થા થકી હું પાંચસો લોકોની સેવા કરી શકતી તો રાજકારણે મને પાંચ હજાર લોકોની સેવા કરવાની તક પૂરી પાડી છે. સત્તાને પોતાનું મહત્ત્વ છે. મોટા પક્ષની પોતાની તાકાત છે. એટલે જ મારું માનવું છે કે રાજકારણ તરફ સોગિયા મોઢે નહીં, શક્યતાની આંખે જોઈને આ ક્ષેત્રમાં પણ આપણે સ્થાન બનાવવું જોઈએ.''

તેઓ એક સ્પષ્ટતા ધરાવે છે કે આપણે જે પણ કરીએ એમાં સામી વ્યક્તિનું સન્માન જાળવીને વર્તીએ તો, બાત બનતી હૈ, ''નમવામાં નાનમ નથી અને નડવામાં બેઉ પક્ષે નુકસાન છે એ મારી સમજણ છે.'' બિનકચ્છીમાંથી કચ્છી પુત્રવધૂ બનીને તેઓ આનંદમાં છે. કચ્છિયત વિશે તેઓ કહે છે, ''અરે મસ્ત છે કચ્છીઓ. આપણી જ્ઞાતિ નાની પણ કેવી મજાની છે. દરેક જણ અન્યને મદદ કરવા ઉત્સુક છે. મને કચ્છી ભાંગ્યુંતૂટ્યું બોલતા આવડે. પાછું થાય એવું કે મહાપાલિકામાં કામકાજ માટે આખો દિવસ મરાઠીમાં વાર્તાલાપ થાય એટલે...''

જીવનમાં પિતાને આદર્શ ગણતાં નેહલબહેન એમની જેમ, સબ કા સાથ, સબ કા વિકાસમાં વિશ્વાસ રાખે છે. તેઓ કહે છે, ''એમની જ શીખ છે કે બધાંને સાથે લઈને ચાલવાનું બેટા જેથી જીવનમાં ક્યાંય વાંધો આવે નહીં. પોલિટિક્સમાં એ શીખ બહુ કામ આવી છે. સાથે, પામવાની જેમ આપવાનો સ્વભાવ પણ એમની જ દેન છે. પપ્પા કહે કે મદદ ના કરી શકો તો ઓકે, પણ અડચણ તો બનવું જ નહીં. વાત વણસે તો સામી વ્યક્તિને થેન્ક યુ, કહીને પોતાનો રસ્તો કરી લેવાનો. શું છે કે આપણને મળવાનું હોય એ મળીને રહે છે અને નહીં મળવાનું હોય એ મળશે તો પણ હાથમાંથી રેતીની જેમ સરકી જશે.''

પરસ્પર વિશ્વાસને તેઓ જીવનની એક અગત્યતા ગણે છે, ''વિશ્વાસ છે ત્યાં શક્યતા અને વિજય છે. મેં જે કાંઈ મેળવ્યું એમાં મારા સાસરિયાંઓના વિશ્વાસે અગત્યની ભૂમિકા ભજવી છે. એટલું જ નહીં, મારા કાકાજી સહિતના સાસરા પક્ષના પરિવારોનો મને કાયમ સબળ સાથ રહ્યો છે.''

નવી પેઢી વિશે તેઓ કહે છે, ''બહુ ફાસ્ટ છે આ જનરેશન. વાંક પણ નથી કારણ દુનિયાની જ રફ્તાર

સુપર થઈ છે. દોડશો નહીં તો નક્કી પાછળ રહી જશો. આપણી અને આ પેઢી વચ્ચે સંપૂર્ણ સંતુલન ભલે અઘરું હોય, અશક્ય પણ નથી.''

યુવાનોને તેઓ પારિવારિક સંબંધોની સુદ્રઢતા જાળવવા જણાવતાં કહે છે, ''જેમ ડિજિટલની જેમ ફેમિલી પણ ઇમ્પોર્ટન્ટ છે. તમે બધું કરો પણ ફેમિલીને સમય આપો. આપણી જીવન વ્યવસ્થામાં, ફેમિલી સિસ્ટમમાં જે ખજાનો છે એનો તોડ તો ગૂગલ પાસે પણ નથી.''

સેવાવિશ્વ

સામાજિક મોરચે સતત કાર્યરત નેહલબહેન અનેક સેવાઓમાં છે. યંગ ઇન્ડિયા એક્શન ફોરમનાં ટ્રસ્ટી આરોગ્ય, શિક્ષણ અને નાગરી અધિકારો માટે સતત કામ કરતાં રહે છે. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય પણ કરે છે. એકલા રહેતા લોકોને ટિફિન પણ પહોંચાડે છે. અસ્વસ્થોની સારવાર માટે પણ હાજર થઈ જાય છે. 'સુકન્યા સમૃદ્ધિ યોજના,' 'ઇ-શ્રમ,' 'પીએમ-એસવાયએમ,' વગેરેના આયોજનથી સેવા અને જાગૃતિ બેઉ મોરચે તેઓ કાર્ય કરે છે.

નગરસેવિકા તરીકે કરેલાં કાર્યોની યાદી પણ લાંબી છે. મેટ્રો અને મોનોરેલ નીચેની ખુલ્લી જગ્યા અને એમના થાંભલા પર બગીચા બનાવવાનું કાર્ય એમના સૂચનથી થયું છે. એન્ટોપ હિલના કાને નગરની મહાપાલિકા સ્કૂલના સંપૂર્ણ ઉત્થાનમાં તેમનો મોટો ફાળો રહ્યો છે. કોમ્પ્યુટર, સાયન્સ લેબ, લાઇબ્રેરી અને પ્લેગ્રાઉન્ડ વગેરે પણ ત્યાં એમના પ્રયત્નોથી આવ્યાં છે. કોવિડકાળમાં એમણે સ્વચ્છતા માટે અને દરદીઓને દવા, માસ્ક, સેનેટાઇઝર વગેરે પહોંચાડવા દિવસ-રાત જહેમત ઉઠાવી હતી. ૩,૦૦૦ લોકોનું મફત વેકસિનેશન પણ કરાવ્યું હતું. પોતાના મતવિસ્તારના નાગરિકો માટે લોકડાઉનમાં શાકભાજી અને ફળ ઇત્યાદિ સહેલાઈથી મળે એની વ્યવસ્થા કરી હતી. વિનામૂલ્યે ઓક્સિજન કોન્સન્ટ્રેટર, ઓક્સિમીટર, કરિયાણાંનું વિતરણ કર્યું હતું.

નગરસેવિકા તરીકેની તેમની તમામ સેવાઓ અહીં નોંધવા અલગ લેખ જોઈએ. ગણેશ વિસર્જન માટે કૃત્રિમ તળાવનું નિર્માણ-સંચાલન, રસ્તાસુધાર, નાળાસુધાર, સ્ટ્રીટલાઇટ્સની વ્યવસ્થા, બગીચાઓનું નિર્માણ અને એની દેખભાળ, એમાં વડીલોલક્ષી વ્યાયામનાં સાધનો મૂકવાં, ફુવારા બનાવવા... ટૂંકમાં તેઓ એક્ટિવ અને ઓલવેઝ એટ સર્વિસ કોર્પોરેટર છે. તેથી જ તેમની લોકપ્રિયતા સતત અકબંધ છે.

જ્ઞાતિ માટે પણ તેઓ કાયમ ઉપલબ્ધ છે. તેઓ કહે છે, ''મને જ્યારે અને જ્યાં બોલાવાય ત્યાં જવાનો મારો વિનમ્ર પ્રયાસ રહે છે. સરકાર તરફથી મળી શકતી મદદ મેળવીને એ કાશ્મીરાબહેન લુઠિયાને પહોંચાડી દઉં જેથી એ જ્ઞાતિ સુધી પહોંચી શકે.'' પરબ સંજીવની સંસ્થાની બહેનોને પ્રોત્સાહન આપવા તેઓ એમાં પણ સહભાગી થતાં રહે છે. કેડીઓ ક્લાસિકમાં તેઓ બેએક વરસથી જોડાયાં છે. આવાં સેવાભાવી નેહલબહેનને ૨૦૧૯માં આંતરરાષ્ટ્રીય મહિલા દિને પરબ શક્તિ સંજીવની સોસાયટીએ અનન્યા એવોર્ડથી નવાજ્યાં હતાં. ૨૦૨૧માં પ્રતિષ્ઠિત મરાઠી દૈનિક લોકમતે એમને વિમેન અચીવર્સ એવોર્ડથી સન્માનિત કર્યાં હતાં.

અને પ્રકાશ સમીક્ષા વિશે...

''પ્રકાશ સમીક્ષા એટલે સારા લેખો અને સારી વાતો,'' નેહલબહેન જ્ઞાતિના ગરવા પ્રકાશનથી પરિચિત છે અને એ વાંચે પણ છે, ''સમાજમાં ચાલતી દરેક ગતિવિધિથી અપડેટેડ રહેવા માટે એ મહત્ત્વનું માધ્યમ છે. મારાં સાસુ અંક આવે કે તરત વાંચી લે.''

પ્રકાશ સમીક્ષાની સદી નિમિત્તે વધામણાં આપતાં તેઓ કહે છે, ''એનાથી આપણી જૂની-નવી પેઢી વચ્ચે એક સેતુ રચાય છે. દરેક જ્ઞાતિમાં આવું જીવંત અને સાતત્ય સાથે પ્રકાશિત થતું સામયિક હોવું જોઈએ. અન્યોની તો ખબર નથી, મારી જ્ઞાતિમાં એના હોવાનું મને ખરેખર અભિમાન છે. કોન્ગ્રેચ્યુલેશન્સ, પ્રકાશ સમીક્ષા.''

વનિતા વિશ્વ

પ્રેમ એટલે પ્રેમ એટલે પ્રેમ

– માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com

એક અઢી અક્ષરનો નાનકડો શબ્દ પણ એનો ગૂઢાર્થ કેટલો વ્યાપક છે.

''પ્રેમ'' એ માત્ર એક લાગણી નથી પણ જીવનને જોવાની અને જીવવાની એક દ્રષ્ટિ છે. સાહિત્ય, ધર્મ અને મનોવિજ્ઞાનમાં પ્રેમને ખૂબ સુંદર વિશાળ અર્થમાં વર્ણવવા માં આવ્યો છે.

૧. નિસ્વાર્થ સમર્પણ (selfless dedication) :

સાચો પ્રેમ એ છે જેમાં કોઈ અપેક્ષા ન હોય. જ્યારે તમે કોઈના સુખ માટે પોતાની ખુશીઓનું બલિદાન કરી નાખો છો ત્યારે તેને પ્રેમ કહેવાય છે.

૨. આત્મીયતા અને સ્વીકાર (intimacy and acceptance) :

''પ્રેમ'' એટલે કોઈને તેના તમામ ગુણ અને દોષો સાથે સ્વીકાર કરો. જ્યારે બે વ્યક્તિઓ વચ્ચે શબ્દો વિના પણ એકબીજાની ભાવનાઓ સમજવાની ક્ષમતા હોય ત્યારે તે પ્રેમ છે, તે એક અતૂટ વિશ્વાસ છે.

૩. પ્રેમના વિવિધ સ્વરૂપોઃ

'' પ્રેમ'' એટલે ફક્ત બે પ્રેમીઓ વચ્ચેનો પ્યાર નહીં, તેના અનેક સ્વરૂપ છે. માતા-પિતા અને સંતાન વચ્ચેનો પ્રેમ એટલે દુનિયાનો સૌથી નિઃસ્વાર્થ ''પ્રેમ'' હોય છે.

મિત્રો (Friends) :

મિત્રો વચ્ચેનું ''પ્રેમ'' એટલે લોહીનું સગપણ ન હોવા છતાં એકબીજા પર સર્વસ્વ લુંટાવવા તૈયાર હોય. એકબીજાના સુખ દુઃખમાં પડખે ઊભા રહે અને મિત્રને ઊની આંચ આવવા ન દે ; એવો અતૂટ પ્રેમ.

કરૂણા (Compassion) :

માનવ માત્ર હોય કે પછી પ્રાણીઓ પ્રત્યેની દયા અને લાગણી પણ એક પ્રકારનું ''પ્રેમ'' જ છે.

ભક્તિ (Prayer) :

ભગવાન અને ભક્ત વચ્ચેનો આધ્યાત્મિક પ્રેમ પણ એટલો જ સુંદર ''પ્રેમ'' છે, જ્યાં ભક્ત સ્વયંને પોતાના ભગવાન ને સમર્પણ કરી દે છે.

સ્વતંત્રતા (Freedom) :

ઘણીવાર લોકો માને છે કે ''પ્રેમ'' એટલે અધિકાર. પણ ખરેખર એવું નથી. ''પ્રેમ'' કોઈને બંધનમાં બાંધતો નથી. પણ ખરેખર પ્રેમ એટલે મુક્તિ. આવો ''પ્રેમ'' વ્યક્તિને ખીલવાની અને ઉડવાની તક આપે છે.

''પ્રેમ'' એ સૃષ્ટિને ચલાવનારું બળ છે. તે નફરતને જીતવાની તાકાત ધરાવે છે. ઘૃણા મટીને પ્રેમમાં ફેરવાઈ જાય છે. અને મનને શાંતિ આપે છે.

ટૂંક માં કહીએ તો ''પ્રેમ'' એટલે ''હું'' મટીને ''તું'' કે ''આપણે'' થવાની પ્રક્રિયા.

એટલે જ સંત કબીર દાસે પણ કહ્યું છે કે

पोथी पढ़ पढ़ जग मुआ, पंडित भया न कोई।
ढाई अक्षर प्रेम का, पढ़े सो पंडित होय।।

Happy Valentine's Day

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA

। પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી । સાચી જરીની સાડીઓ બોર્ડર । જુના સાચા ઘરચોળા । કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

શ્રી મહાવીર એમ્બ્રોયડરી

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

મૌન

મૌન.... શબ્દો પછી જન્મેલી અવસ્થા,
જ્યાં અવાજ થાકે અને મૌન વિના
શબ્દ બોલવા લાગે પોતાની વ્યથા.
વગર શસ્ત્ર ઘાયલ કરે એ છે મૌન
વગર કહે મનની વાત કહે એ છે મૌન
વગર બોલે લાગણી સમજે એ છે મૌન
વગર અવાજ હૃદયને સ્પર્શી જાય એ છે મૌન
વગર શબ્દ આંખોમાં ઊતરી જાય છે મૌન
વગર ફરિયાદ સહન કરી લે એ છે મૌન
વગર જવાબ બધું સ્વીકારી લે મૌન
ક્યારેક શાંતિ બની શીતળતા આપે મૌન
ક્યારેક ભાર બની આત્મા દબાવે મૌન
સમજમાં ઊતર્યું તો અમૃત બને મૌન
અસમજમાં રહ્યું તો સજા બને મૌન
મૌન.... શબ્દોથી પણ ઊંડી,
અને અવાજથી પણ વધુ બોલાતી
માનવીની સૌથી સત્ય ભાષા છે.
મૌન એ ખાલીપો નથી, એતો છે ભરપુરતા
શબ્દોમાં પણ છે વધારે અર્થોથી
ભરેલા આકાશની વિશાળતા
જયારે શબ્દો ખૂટે અને લાગણીઓ રસ્તા ભૂલે
ત્યારે મૌનનો થાય જનમ
એમાં ઘવાય છે લોકોના અહમ
મૌન એ એવી ધ્વનિ છે જે વિના અવાજ સંભળાય છે
એવા આંસુ છે જે આંખથી નીકળી દિલ ઘાયલ કરે છે
એવું ધારદાર શસ્ત્ર છે જે વગર દેખાય વાર કરે છે
એવી ચુપ્પી છે જે વિના બોલે બહુ બધું કહી જાય છે
એવો સબક છે જે વિના પાઠશાળા સમજાવી જાય છે
ક્યારેક મૌન પીડા આપે તો ક્યારેક પ્રેમ દર્શાવે,
તો ક્યારેક આત્માની ઊંડી પ્રાર્થના સંભળાવે
તો ક્યારેક પોતાનું બનાવે તો ક્યારેક પરાયું બનાવે,
ક્યારેક વગર બોલ્યે બધું કહી જાય તો
ક્યારેક ચુપ રહીને સંબંધ તોડે,
ક્યારેક પોતાના હોવાનો અહેસાસ કરાવે તો
ક્યારેક મોઢું ફેરવી દૂર થઈ જાય,
ક્યારેક લાગણીનો વરસાદ કરે તો
ક્યારેક નફરતની આગ ફેલાવે છે
ક્યારેક આસ્થાનું કારણ તો
ક્યારેક અવિશ્વાસનું કારણ બની જાય છે આ મૌન
પ્રેમમાં મૌન સૌથી સુંદર ભાષા છે.
બે નજરો મળે,હૃદય ધબકે, અને શબ્દો શરમાઈ જાય.
એ ક્ષણે મૌન જ કહે છે-હું છું, બસ એટલું પૂરતું છે.
પણ એ જ મૌન જ્યારે દુઃખમાં ઊતરે,
ત્યારે બોજ બની જાય છે.
ન કહી શકેલી ફરિયાદ, ન બોલી શકેલો રોષ,
અને દબાવી રાખેલી પીડા- મૌનના ખૂણે ઘર કરી લે છે.
કેટલાંક મૌન સમજના હોય છે,
અને કેટલાંક મૌન મજબૂરીના હોય છે
સમજનું મૌન શાંતિ આપે છે,
પણ મજબૂરીનું મૌન આત્માને ચૂભે છે.
કેટલાંક મૌન અન્યાયથી જન્મે છે.
જ્યારે સત્ય બોલવું મોંઘું પડે,
ત્યારે મૌન સસ્તો વિકલ્પ બની જાય છે.
આવું મૌન સમાજને અંધ બનાવે છે
પણ દરેક મૌન નબળાઈ નથી.
સંતોનું મૌન,વિચારકોનું મૌન, અને સાધકોનું મૌન
આ તો શક્તિનું સ્વરૂપ છે.
એ મૌનમાંથી સૃષ્ટિના રહસ્યો જન્મે છે,
અને આત્મા પોતાને ઓળખે છે.
જ્યારે શબ્દો ઓછા થાય, ત્યારે સંવેદના વધે છે.
પવનનું વહેવું, પંખીની ઉડાન, પાંદડાનું પડવું બધું મૌન
છે, પણ કેટલું બોલે છે!
પ્રકૃતિ મૌનથી શીખવે છે કે બધું કહેવા અવાજ જરૂરી નથી.
મૌન એટલે સૌથી અઘરી દલીલ,
જેનો પ્રતિકાર કઠિન હોય છે.
મૌન રહીને ગણું બધું કહેવાઈ જાય છે

શબ્દોમાં તો આમે ઘણું રહી જાય છે
શબ્દો તો માત્ર વાક્યની શોભા છે
સમજવા વાળો તો કોરો કાગળ અને
મૌન પણ સમજી જાય છે
મૌન મારું બોલે છે, કોઈ એને ક્યાં સમજાય છે
દર્પણ દ્રવી ઊઠે છે,ચહેરો હસતો જોઈએ ને.
કહે કનુ અરિહંત ને,
રૂઆબ તો મૌનનો હોય છે,
શબ્દોનું શું છે, એ તો ફરી જાય છે પરિસ્થિતિ પ્રમાણે.
આજે સાચા લાગે તે શબ્દો કાલે ખોટા સાબિત થાય,
પણ મૌન તો સમયની કસોટી પર હંમેશા ખરો ઉતરે છે.

શબ્દો ભીડમાં ગુંજાય, મૌન એકાંતમાં પણ અસર કરે છે.
મૌન રહેતા શીખવું પડશે,
કારણ કે શબ્દો ઘણીવાર ભાવને ઘાયલ કરે છે
એટલે જ પ્રભુ એવી શક્તિ આપ એવી સમજ આપ કે
મારું મૌન કોઈનું દિલ ન દુભાવે
કોઈની લાગણીને ઠેસ ન પહોંચાડે
પુસ્તકો જેવું વ્યક્તિત્વ આપી દયો મને મારા પ્રભુ
મૌન પણ રહી શકું અને બધું કહી પણ શકું

– કનક જયેશ અજાણી
કોઠારા (માટુંગા)

ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

તા. ૧૨/૧૩.૨.૨૦૨૬ : મંજલ રેલડીયા નગરે નવનિર્મિત જિનાલયમાં મૂળનાયક તથા અન્ય પ્રતિમાઓનો ચલ પ્રતિષ્ઠા મહોત્સવ.

તા. ૧૫.૦૨.૨૦૨૬ : મુંબઈ મહાજન તથા ડોંબિવલી મંડળ આયોજિત અનંત ખેલોત્સવ : સ્પોર્ટ્સ એકેડમી, મિલાપ નગર, ડોંબિવલી.

તા. ૨૧ - ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ : વડોદરા : શ્રી વિમલનાથ ભક્તિ ગૃપ આયોજીત રાજસ્થાન યાત્રા પ્રવાસ

તા. ૨૧.૦૨ થી ૦૧.૦૩.૨૦૨૫ : શ્રી ક દ ઓ જૈન સર્વોદય મંડળ પ્રેરીત બિદડામાં નેચર ક્યોર કેમ્પ.

તા. ૨૮.૦૨.૨૦૨૬ : શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી : ફાગણી તેરસ નિમિત્તે છ ગાઉ યાત્રા – માનસ મંદિર, શાહપુર : સવારના ૬.૦૩ કલાકે થી.

તા. ૦૭ – ૦૩ – ૨૦૨૬ : શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળ તથા મહિલા મંગલ મંચના ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરના ૧૫ : ૦૩ કલાકે થી.

તા. ૧૨ થી ૧૬ માર્ચ ૨૦૨૬ : શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળમાંથી સહાય લેતા સાધર્મિકો માટે / સાથે સંપૂર્ણ નિઃશુલ્ક પાવાગઢ –પાલીતાણા– ગિરનાર યાત્રા પ્રવાસ.

તા. ૧૨ થી ૧૪ માર્ચ ૨૦૨૬ : બાગલકોટ– શ્રી નવગ્રહ જૈન તીર્થ– ધ્વજારોહણ મહોત્સવ

તા. ૨૨-૨૩ માર્ચ ૨૦૨૬ : શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ, વરાડીયા સંચાલિત શ્રી ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિર ધ્વજારોહણ મહોત્સવ

તા. ૨૭-૨૯ માર્ચ ૨૦૨૬ : શ્રી તેરા– શ્રી ભલારા દાદા સ્થાનકઃ ભૂવાજી ચયન વિધિ.

તા. ૨૯.૦૩.૨૦૨૬ : ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ તથા એમના વાલીઓ માટે કેરીયર પ્લાનીંગ ગાઇડંસ સેમિનારઃ સવારે ૧૦.૩૦ થી બપોરે ૧.૦૦ ક. : વી.એલ.વી.જી, ઘાટકોપર, મુંબઈ. રજી. જરૂરી ૯૯૬૭૯૧૪૫૬૭.

તા. ૧૧.૦૪.૨૦૨૬ : શ્રી સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઇ પરિવાર આયોજિત શ્રી સચ્ચાઇ માતાજીની સમુહ પહેડી – આર. આર. સભાગૃહ, મ્હાડા કોલોની, મુલુંડ ઈસ્ટઃ સાંજે ૪.૦૦ ક. થી.

તા. ૧૯.૦૪.૨૦૨૬ : શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ.) શ્વે. જૈન સંઘ આયોજિત વરસીતપ પારણાઃ રિચર્ડસન ક્રુડાસ, મુલુંડ વેસ્ટ. રજી. અંતિમ તા. ૧૪.૦૨.૨૬. સંપર્કઃ ૯૮૨૦૫૬૫૨૬૧

આરોગ્ય પ્રકાશ

શરીરની ચરબી (Fat) વિશે માહિતી

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઈ), M : 8369077978

ચરબી (Fat) એ ચીકણા કાર્બનિક સંયોજનો છે જે પાણીમાં ઓગળતા નથી પણ કાર્બનિક દ્રાવણમાં ઓગળે છે. રસાયણિક દ્રષ્ટિએ ચરબી ગ્લાઈગેરોલ અને ફેટી એસિડના ટ્રાયગ્લીસરાઈડ હોય છે. ચરબીના પ્રાણીજન્ય અને વનસ્પતિજન્ય એમ બે પ્રકાર હોય છે. તલ, સોયાબીન, સિંગદાણા, રાઈ, ઓલીવ વગેરેમાંથી મળતી ચરબી વનસ્પતિજન્ય જ્યારે માંસાહારી ખોરાક તેમજ દૂધાળુ, પ્રાણીઓના દૂધમાંથી મળતી ચરબી પ્રાણીજન્ય છે.

શરીરને પ્રમાણસર ચરબીની જરૂર હોય છે. શરીર માટે કાર્બોહાઈટ્રેડ (કાર્બોહિત પદાર્થ) ઉર્જાનો મુખ્ય સ્ત્રોત છે, બીજા નંબરે ચરબી આવે. કાર્બોદિત પદાર્થ ખતમ થાય ત્યારે ચરબીમાંથી શરીર ઉર્જા મેળવે. વિટામીન A, D, E, K ચરબીમાં દ્રાવ્ય છે, ચરબી આ બધા વિટામીનના શોષણમાં મદદ કરે, શરીરનું તાપમાન જાળવે, ખાસ કરીને ઠંડીમાં, આંચકા અને બીજા નુકશાનથી શરીરના આંતરિક અંગોનું રક્ષણ કરે, હોર્મોન્સને સંતુલિત રાખે છે.

શરીરમાં ૩ પ્રકારની ચરબી હોય છે અસંતૃપ્ત, સંતૃપ્ત અને આંત (છુપાયેલી) ચરબી. અસંતૃપ્ત ચરબી હૃદય માટે સારી, સંતૃપ્ત ચરબી એ માંસ, ડેરી ઉત્પાદનો-દહીં, દૂધ, ચીઝ, પામતેલ, નાળિયેર તેલ વધુ માત્રામાં લેવાથી હૃદયરોગ, જાડાપણું વગેરે બિમારીઓ આવે છે. આંત ચરબી જે આંતરિક અંગો-લીવર, કીડની, પેનક્રિયાઝ, સપ્લીન, આંતરડા વગેરેની ચારેય બાજુ જમા થાય છે એટલે એને Visceral Fat કહે છે, જે સૌથી વધારે હાનિકારક હોય છે. હાથ, પગ, ગરદન, છાતી પર જમા થયેલ વધારાની ચરબી એટલી હાનિકારક નથી જેટલી આંતરિક અંગો પર જમા થતી આ આંતર ચરબી ખતરનાક છે.

શરીરમાં જરૂર કરતાં વધારે ચરબી જમા થવાના કારણો: ખોરાકનું પ્રમાણ વધુ હોય, ખાસ કરીને ચરબીવાળા પદાર્થ વધારે લેવાતા હોય, બેઠાડું જીવન હોય, ચાલવું, કસરત, યોગ, આસન ન કરાતા હોય, શરીરના હોર્મોન્સ યોગ્ય પ્રમાણમાં ન હોય, Stress કે દારૂ જેવા વ્યસન, આંતરડામાં શોષણ વધુ થતું હોય કે અમુક રોગોમાં વધારાની ચરબી જમા થવા લાગે. પેટ પર ચરબી ઝડપથી જમા થાય છે, આ ચરબી આરોગ્ય માથત જોખમી છે. તેથી પેટનો ઘેરાવો વધુ ન વધે તે પર ધ્યાન આપવું. પુરૂષોમાં નાભી આગળ પેટનો ઘેરાવો ૯૦ સે.મી. અને સ્ત્રીઓ માટે ૮૦ સે.મી. થી વધુ ન હોવો જોઈએ. આખા શરીરની ચરબી માટે BMI = વજન કિલોમાં÷, (હાઈટ મીટરમાં)૨ આનો જવાબ ૧૮ થી ૨૪ની વચ્ચે આવવો જોઈએ, પુરૂષોની ઉંચાઈ ઈંચમાં જે હોય તેટલા જ કિલો વજન હોવું આદર્શ કહેવાય. (૫'૭''=૬૭ ઈંચ-તે વ્યક્તિનું વજન ૬૭ કિલો આદર્શ કહેવાય). સ્ત્રીઓની ઉંચાઈ ઈંચમાં જેટલી હોય તેમાં ૧૦ ઓછા કરતા આવતો અંક સ્ત્રી માટે આદર્શ વજન કહેવઆય (૫'૨''=૬૨''-૧૦ એટલે ૫૨ કિલો આદર્શ કહેવાય.)

આદર્શ વજન કરતાં વધુ વજન અને આંત ચરબીને લીધે જ ઘણી બિમારીઓ લાગુ પડે છે. ઘણી વખત પાતળા લોકો પણ આ આંત ચરબીને લીધે બિમારીનો ભોગ બને છે. કારણ તેઓ એ ભ્રમમાં હોય છે કે મારા શરીરમાં ચરબી ઓછી છે તેથી કાંઈપણ ખાઈ શકે. તેઓ અજાણતા વધુ ગ્લાયસેમિક ઈન્ડેક્ષવાળા ખાદ્ય (જલ્દી લોહીમાં ગ્લુકોઝ વધારનારી) વસ્તુઓ અને અન્ય વધુ ચરબીવાળો આહાર અપનાવે છે આને લીધે આંત ચરબી વધી જાય છે. આંત ચરબી વધવાથી જાડાપણું આવે, હૃદય, મગજ, પગ કે અન્ અંગોની ધમનીમાં ક્લોટ્સ (ગઠ્ઠા) બની રક્ત પરિભ્રમણમાં અવરોધ ઉભો કરે છે અને જે-તે અંગોને નુકશાન કરે છે. આ આંત ચરબી વધવાથી હાર્ટઅટેક, સ્ટ્રોક, ફેટી લીવર જેવી તકલીફો આપે છે.

અનુસંધાન પાના નં. .૧૬ ઉપર

ભારતઃ ગઈકાલ , આજ અને આવતીકાલ

અનાદિકાળથી ભારત વિશ્વ માટે સદાય સંશોધનનો વિષય છે અને સાથોસાથ વંદનીય છે, જ્યાં અમુલખ અને અગણિત ઔષધિઓનો ભંડાર છે અથવા એમ કહીએ કે પાંદડે પાંદડે કેટલીય બિમારીઓનો ઈલાજ ઉછરી રહ્યો છે, જેનું સંશોધન કરી ચરક, ઝંડુ જેવા કેટલાંક જ્ઞાનીઓએ આપણી સમક્ષ બીમારીઓના રામબાણ ઈલાજ રજુ કરેલ છે.

ભારત એટલે ધર્મ સંપ્રદાયોનો વિશાળ કાફલો છે જે તે ધર્મના મુનીઓએ કંડારેલ માર્ગ ઉપર તેના અનુયાયીઓ નકશેકદમ માંડી ધર્મની જયોત પ્રજવલિત રાખી રહ્યા છે.

ભારત, જયાં પાયાવિહોણા રિવાજ, ખોટી માન્યતાઓ અને રૂઢિઓને વળગી રહેવાનો પરિણામ સ્વરૂપ કેટલીયે નારીઓને સતી પ્રથાના કલંક સમા રિવાજથી મૃત પતિની ચિતા ઉપર જીવતેજીવ જાત જલાવી સતી બનાવી દીધાની કે પછી વિધવા સ્ત્રીઓને માથે મુંડન કરાવી ઘરના એક ખૂણામાં બેસાડી દેવામાં આવતી વાતોના અનેક દાખલાઓ ભૂતકાળમાં મળી આવે છે. સમય બદલાયો, આઝાદીના અગણિત ઘડવૈયાઓએ પોતાની જાનની આહૂતિ આપી લગભગ બસ્સો વર્ષની ગુલામીની જંજીરોમાંથી ભારતને મુક્ત કરાવી કાળા માથાના માનવીએ પોતાના જીવન સ્તર અને રહેણીકરણી બદલવા બીડું ઝડપ્યું અને આજે ભારત ખોટા રીત – રિવાજોને ફગાવી સતી પ્રથા મુક્ત બન્યું છે. તો સાથોસાથ વિધવા સ્ત્રીઓ પુનઃ લગ્ન કરી સ્વમાનભેર જીવન જીવી રહી છે.

વાહન વ્યવહારના ટાંચા સાધનો અને માટીના કાચા રસ્તાઓના પરિણામે એક ગામથી બીજે ગામ પગપાળા, સાયકલ કે પછી બળદગાડામાં અવરજવર થતી. અરે ગામડેથી મુંબઈ જેવા મહાનગરમાં જવા વાહણવટાનો ઉપયોગ અનિવાર્ય બની રહ્યો હતો. જયારે વર્તમાનમાં ડીઝલ એન્જિન સાથેની ટ્રેન, ઈલેક્ટ્રોનિક સિસ્ટમથી સંચાલિત લોકલ ટ્રેન, સ્કૂટર, બાઈક, મોટર, બસ તથા વિમાનની સગવડો ઉપલબ્ધ છે.

સંદેશ કે સમાચારની આપલે માટે ભૂતકાળમાં કબુતરો કે ખેપીયાઓની સેવા લેવામાં આવતી. નાના મોટા તહેવારોની સામુહિક રીતે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવતી જયારે આજે ટેલિફોન અને મોબાઈલ ફોન જેવા સાધનોને કારણે એક જ પળમાં વિદેશ વસવાટ કરતા પરિવારજનો સાથે સંદેશ વ્યવહાર સાધી શકાય છે. લેપટોપ જેવા સાધનોને કારણે ઘરમાં બેસીને વિશ્વની દરેક માહિતી ચપટી વગાડતાં મેળવી શકીએ છીએ સાથોસાથ ઓફિસ કાર્ય પણ ઘેર બેઠા કે મુસાફરી દરમિયાન સરળતાથી કરી શકાય છે. પરંતુ દુઃખ સાથે જણાવું તો તહેવારો હવે માત્ર એક રજા બની રહ્યા છે જેમાં દૂરદૂર સુધી ક્યાંય ઉત્સાહ નથી દેખાતો.

અગાઉના સમયમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું હતું એમાં પણ છોકરીઓ માટે તો શિક્ષણ માટે મહદઅંશે કોઈ અવકાશ જ નહોતો. જ્યારે આજના સમયમાં શિક્ષણ જ સફળતાની સીડી છે. જેના પરિણામે જ ઘરોઘર દરેક શિક્ષિત હોય તેવો અભિગમ બની ગયો છે.ડોકટર, સી એ, વકીલ કે એન્જિનિયર સુધીના શિક્ષિત સભ્ય પોતાના કૌશલ્યના બળે બે પાંદડે થયા છે.જ્યારે નોકરી વ્યવસાય ક્ષેત્રે તો સ્નાતક કે અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીઓની કોઈ ગણતરી જ નથી.

પરિણય અને વેવિશાળ દરેક પરિવાર માટે ચિંતાનો વિષય બની ગયો છે. પહેલાં તો માવતર જ્યાં સંબંધ ગોઠવી આપે ત્યાં જોડાઈને જીવનભર તેને વળગી રહ્યા છે. જ્યારે હવે પરિસ્થિતિ એકદમ વિષમ બની ગયેલી છે, દરેક સંતાન પોતાની પસંદગીની વ્યક્તિ સાથે વિવાહના બંધને બંધાય છે પણ જરીક વાંકું પડ્યું કે તરત ફારગતી આપી મુક્ત બની જાય છે.

વર્તમાનકાળે ભારતમાં ભવિષ્યમાં થનારા વાવાઝોડા, સમુદ્ર તુફાન, ધરતીકંપ, દુકાળ કે અતિવૃષ્ટિ ઈત્યાદિ સચોટ વરતારા માટે આકાશમાં અવકાશયાન તરતા મૂક્યા છે.

રેલ્વે જમીન ઉપર તો કાર્યરત હતી જ, તે પણ હવે અંડર ગ્રાઉન્ડ તેમજ થાંભલાઓના ટેકે ઉભા કરવામાં આવેલા

રેલ્વે ટ્રેક અને વિરામ સ્થળોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પરિણામે પુલ ઉપરથી પણ સડસડાટ દોડી રહી છે.

ભારતના આવતીકાલના ભવિષ્યની વાત કરીએ તો Artificial Intelligence (AI) ના દિનપ્રતિદિન વધી રહેલા ઉપયોગને જોતા તેના માધ્યમથી આપણી કલ્પનામાં પણ ન હોય તેવા ભૌતિક ફેરફાર થવાના એંધાણ વર્તાઈ રહ્યાં છે. સંભવતઃ તેમાં મુખ્યત્વે તો ભારત વિશ્વનું પ્રથમ રાષ્ટ્ર બની રહેશે. દુનિયાભરના વિદ્યાર્થીઓ અને વૈજ્ઞાનિકો અભ્યાસ અને સંશોધન માટે પુનઃ ભારતમાં આવશે. અવકાશયાન કે ઉપગ્રહોની નિકાસમાં ભારત એકમાત્ર રાષ્ટ્ર તરીકે ઉભરી આવશે. ભારતનો રૂપિયો વિદેશી ચલણમાં સૌથી મજબૂત બની રહેશે. મોટા ભાગના મહાનગરોમાં વિમાન મથકો હશે. નાના મોટા દરેક ગામ કે શહેરમાં શિક્ષણ ઓનલાઇન અથવા તો લેપટોપ મારફતે આપવામાં આવશે. 'કોવીડ'ની રસીની માફક દરેક રોગ માટે એકદમ ઝડથી સ્વદેશી રસીકરણ વ્યવસ્થા ઉપલબ્ધ બની રહેશે.

ભૌતિક ક્ષેત્રે ભલે ભારતનું ભાવિ ઉજ્જ્વળ દેખાય છે પણ સામાજિક સ્તરે તો 'I', 'Me' અને "Myself" જેવી જીવન પદ્ધતિ જીવતા આજના યુવા પેઢીના સંતાનો માટે વિવાહ કે પરિવાર જેવા શબ્દો કદાચ શબ્દકોષમાં નહીં હોય તે પણ એક નરી વાસ્તવિકતા જણાય છે.

ભારત જેનો ભૂતકાળ ભવ્ય છે, વર્તમાન જાજરમાન છે અને ભવિષ્ય ઉજ્જ્વળ જ બની રહેશે જેમાં શંકાને કોઈ સ્થાન નથી.

- જ્ઞાનેશ જયચંદ લાપસિયા
મુલુંડ ચેકનાકા
૯૯૨૦૫૧૩૪૯૩



સોનલ આર્ટ(થાણા) **શાંતિભાઈ : 99678 41792**
બટકસબ, મોચી ટાંકો, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે. સાચી જરીની જુની સાડીઓ વેંચી તથા જુની સાડીઓને ઓલ્ટર કરી આપવામાં આવશે
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

આરોગ્ય પાના નં. ૧૪ પરથી

શું ખાવાથી ખરાબ-વધારાની ચરબી શરીરમાં જમા થાય?: બજારૂ ખાદ્ય (પેકેટ્સ, ટેટ્રાપેક કે જ્યુસ બોટલ્સ વગેરે) જેમાં કેમિકલ્સ, પ્રીઝરવેટીવ પુષ્કળ પ્રમાણમાં તેમજ તેમાં સાકર અને મીઠાનું પ્રમાણ વધુ હોય છે. તળેલા ખોરાક, ફાસ્ટ ફુડ બેકરી આઈટમ, પ્રોસેસ્ડ ફુડ, તેમજ પ્રાણીજ વસ્તુઓ જેમાં દૂધ પણ આવી જાય. દૂધ સ્વાસ્થ્યવર્ધક હોવા છતાં તેમાં રહેલા સેચ્યુરેટેડ ફેટ (ખરાબ કોલેસ્ટ્રોલ વધારનાર), લેક્ટોઝ (જે પચવામાં મુશ્કેલી કરી શકે), કેસીન, પ્રોટીન (એલર્જીનું કારણ બની શકે), શરીરમાં ખોટી ચરબી, ખરાબ કોલેસ્ટ્રોલ વધારે, આ સર્વથી બિમારી આવી શકે તેથી જ દૂધ ગરમ કરવું જરૂરી (વગર ગરમ કરવું કાચું દૂધ પીવું નહીં) અને દૂધનો ઉપયોગ વધુ ન કરતાં મર્યાદિત માત્રામાં જ કરવો. બાકી મનુષ્ય કે પ્રાણીના સંતાન માટે તેની માતાનું દૂધ અતિ ઉત્તમ અને આદર્શ છે.

શું ખાવાથી ફાયદો થાય?: ઋતુ પ્રમાણે મળતાં દરેક ફળ અને શાકભાજી ઉપરાંત કઠોળ-મગ, ચણા, તુવેર, મઠ વગેરે, આખા અનાજ-જાડું ધાન્ય-બાજરી, જુવાર, નાચણી વગેરે; પ્રમાણસર ડ્રાયફ્રુટ્સ, અળશી, ચીઆ, તલ, સુરજમુખી, તરબુચ અને કોળાના બી, આ સર્વના ઉપયોગથી શરીરની ખોટી ચરબી ઘટે, આરોગ્ય સુધરે તેમજ અન્ય ઘણા ફાયદા મળે. ફુદીનાવાળી ચા, સૂંઠ, આદુ, લસણ, કાંદા ફાયદાકારી અલ્કલાઈન પાણી પીવાથી શરીર ડીટોક્સ થશે. મેટાબોલીઝમ સુધરે.

ઉપરાંત અન્ય શું કરવાથી ફાયદો મેળવી શકાય : નિયમિત ચાલવું, કસરત, યોગ, આસન, પ્રાણાયામ, કપાલભાતિ, ધ્યાન, મેડીટેશન વગેરે નિયમિત કરો. પુરતી ૬ થી ૮ કલાકની શાંત ઉંઘ લઈ સ્ટ્રેસ ઘટાડો. ખોટી ચરબી-વજન ઘટાડવા માટે ધીરજ રાખો. ઝડપથી પરિણામની અપેક્ષા ન રાખો. પ્રયત્ન ચાલુ રાખી ધીરે-ધીરે શરીરની ખોટી ચરબી ઘટાડી નિરોગી બનો.

ડૉ. વીરચંદ નાગડાની Youtube channel
https://youtu.be/8RN4R_7qDXY?si=XPqUGgur8-WVhZ4I

સ્મૃતિ વિશેષ

આપણી જ્ઞાતિ ઈતિહાસનો કરૂણ અધ્યાય : ૧૯૪૪નો ગોદી ધડાકો - ૭

સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭

૧૯૪૪ના ધડાકા પહેલાં આપણી જ્ઞાતિનું જીવન મુંબઈના બંદર વિસ્તારમાં ખૂબ સંકળાયેલું અને સામૂહિક હતું. મોટાભાગના જ્ઞાતિજનો મસ્જિદ બંદર, માંડવી, દાણા બંદર, ભાત બજાર અને કાથા બજાર વિસ્તારમાં નજીક-નજીક રહેતા હતા. આ ભૌગોલિક નજીકતાએ સંયુક્ત કુટુંબ પ્રણાલીને મજબૂત બનાવી હતી અને સામાજિક સહકારને જીવંત રાખ્યો હતો. અનંતનાથ જિનાલય માત્ર ધાર્મિક સ્થળ નહીં, પરંતુ જ્ઞાતિની ઓળખ, મેળાવડા અને એકતાનું કેન્દ્ર હતું. અહીં પૂજા, ઉત્સવ, ભક્તિ, ચર્ચા અને સામાજિક નિર્ણયોની પરંપરા હતી. વેપાર અને રોજગાર પણ આ જ વિસ્તારમાં કેન્દ્રિત હતા, એટલે ઘર, ધંધો અને ધર્મ - ત્રણેય એક જ પરિસરમાં ગોઠવાયેલા હતા.

શુક્રવાર, ૧૪ એપ્રિલ ૧૯૪૪ - મુંબઈ પોતાના કામ ધંધામાં વ્યસ્ત હતું. પુરુષ વર્ગ ધંધા/નોકરી અર્થે બહાર હતો, બાળકો સ્કૂલમાં હતા અને ગૃહિણીઓ ઘરમાં સાંજની ચાય બનાવવાની તૈયારીમાં વ્યસ્ત હતી. ઘરમાં ગૃહિણીઓ, વડીલો અને નાનાં બાળકો હતા. કોઈને કલ્પના પણ ન હતી કે એક જ પળમાં આખું જનજીવન ઊંધુંચત્તું થઈ જશે. પરિવારો વિખૂટા પડી ગયા. ખૂબ જોખમી પરિસ્થિતિમાં કિંમતી વસ્તુઓ લેવા માટે રોકાવાનો સમય નહીં મળ્યો. પહેરેલ કપડે સૌ મકાનના દાદરા ઉતરતા ભાગ્યા. સ્કૂલમાં રજા અપાઈ. પુરુષ વર્ગ દોડતો પોતાની બિલ્ડિંગ પાસે પહોંચ્યો. ઉપર તો જઈ શકાય તેમ ન હતું. ધૂમાડાના અંધારામાં નીચે જ પોતાના પરિવારને મહા મહેનતે ભેગો કરી ભાગી છૂટયા.

આપણાં સામાયિક 'પ્રકાશ'નું દફતર સદંતર નાશ પામ્યું. કિંમતી દસ્તાવેજો, સાહિત્ય, ઐતિહાસિક સામગ્રી, બ્લોકો, જુના અંકો નાશ પામ્યા. જ્ઞાતિના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી લક્ષ્મીચંદ નેણસી મેઘાણીએ પોતાના તમામ કિંમતી ચિત્રો ગુમાવ્યા. આગનું પેટ ખુલ્યું હતું અને વધુ મકાનો હોમાતા જતા હતા પેટીઓમાં રહેલ રોકડ દાગીના મેળવવા લોકોની દોડાદોડ, ક્યાં જવું છે તેની ખબર નહીં. ન સળગેલા કે ઓછા સળગી રહેલા મકાનોમાંથી પોતાની જેટલી ઘરવખરી નીકળી શકે તે માટે દોડાદોડ કરવા માંડ્યા. પરંતુ પોલીસ અને મિલીટરી અંદર જવા આપતી ન હતી.

ગોદીની નજીકના મસ્જીદ બંદર, માંડવી અને દાણા બંદર વિસ્તારોમાં આપણી જ્ઞાતિનો મોટો વસવાટ હતો. આ વિસ્તારોમાં આપણાં ઘણાં માળાઓ અને વેપારના ગોડાઉનો હતા. 'ફોર્ટ સ્ટાઈકિન'ના વિસ્ફોટથી આ વિસ્તાર સૌથી વધુ અસરગ્રસ્ત બન્યો અને તેથી વધુ સહન કરવાનું આપણી જ્ઞાતિને આવ્યું. એ વખતે આપણાં ઘણાં શ્રેષ્ઠીઓના માળા(મકાનો) હતા જે હોનારતમાં આગથી સંપૂર્ણ નાશ પામ્યા હતા કે સુરંગથી તોડી પડાયા હતા જેની વિગત નીચે મુજબ છે:

૧ અનંત ભુવન (પાછળની બિલ્ડિંગ)
૨. બરાખ હાઉસ
૩. કાનજી પરબતનો માળો
૪. હેમરાજ ખીયસીનો માળો
૫. હીરાચંદ ખેતસીનો માળો
૬. જીવરાજ રતનસી મોમાયાનો માળો
૭. કાનજી રાજપારનો માળો
૮. નરસી કેશવજીનો જૂનો માળો
૯. નરસી કેશવજીનો નવો માળો
૧૦. ગોવિંદજી કાનજીનો માળો
૧૧. ભગાડવાળો માળો

આટલા માળાઓ સંપૂર્ણ નાશ પામ્યા તે ઉપરાંત બીજા ઘણા માળાઓ આંશિક બળી ગયા. અનંત નિવાસ બળ્યું નહીં, પરંતુ ભયંકર રીતે હચમચી ગયું. વિસ્ફોટ બાદ પોતાની તમામ સંપત્તિ, ઘરબાર અને રોજગાર ગુમાવેલા આપણા જ્ઞાતિના લોકો જીવ બચાવીને જ્યાં જગ્યા મળી ત્યાં એકઠા થવા લાગ્યા. સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો-બધાં જ ભય, ભૂખ અને અનિશ્ચિતતાના માહોલમાં હતા. ઘણા તો પહેરેલા

કપડાં સિવાય કશું જ સાથે લાવી શક્યા નહોતા. મોટાભાગના અનંત નિવાસ નીચે ભેગા થયા. ધીમે ધીમે ટનટનપુરા દશા ઓસવાલ મહાજનવાડી તરફ વળ્યા. આગની જ્વાળાઓ નજીક આવતા લોકો ભાગ્યા અને ઠેઠ ચોપાટી સુધી પહોંચ્યા. ત્યાંથી ઉત્તર તરફ હિજરત શરૂ કરી. પગે ચાલીને જ્યાં સુધી પહોંચાય ત્યાં સુધી ચાલતા ગયા. પછી ટ્રકો, ગાડાંની સહાય મળતાં માટુંગા, ઘાટકોપર અને મુલુંડ કે તેથી આગળ ભિવંડી સુધી ગયા. ઘણાં લોકોએ ગોડીજી, ભાયખલા અને લાલબાગના દેરાસરોમાં આશરો લીધો. હેતુ-સંતોષી મિત્રો અને સગાવાલાને ઘરે પહોંચી ગયા.

આગ બીજા દિવસે પણ ધગધગતી રહી. દૂર પરામાં ચાલ્યા ગયેલા જ્ઞાતિજનો સાચી પરિસ્થિતિ શું છે? પોતાના રહેઠાણના મકાન સલામત છે કે નહીં? તક મળે તો અંદર જઈ થોડી કિમતી વસ્તુ, રોકડ, દાગીના લઇ આવવા મળે તે આશયે પોતાની બિલ્ડિંગ જોવા આવ્યા. પરંતુ ૧૧ બિલ્ડિંગો તો સદંતર નષ્ટ થઈ હતી કે સુરંગથી તોડી પડાઈ હતી તેથી કંઈ મળવું શક્ય ન હતું. એ વિભાગ પોલીસ અને મિલીટરીએ કોર્ડન કરેલ હોઈ આગળ વધવું શક્ય ન હોવાથી આપણી મહાજનવાડીમાં એકત્ર થયા. આમાં વિધવાઓ, મોટી ઉંમરની બહેનો પણ હતી. કમનસીબે આ વખતે ચા-પાણી તો ઠીક પણ પીવાના પાણી સુધાની વ્યવસ્થા આપણી વાડીમાં ન હતી. તેથી હાલત વધુ કઠિન બની ગઈ. આવા સમયમાં ક.વી.ઓ. (કચ્છી વિશા ઓસવાલ)ના ભાઈઓ આગળ આવ્યા. તેમણે પરિસ્થિતિની ગંભીરતા સમજીને તરત જ માનવતા દાખવી અને ભેગા થયેલા સૌને જમવાની વિનંતી કરી. આપણા આગેવાનો ગાઢ નિદ્રામાં રહ્યા. શ્રીમંતો પૈસા આપવા તૈયાર પણ ગંદકી અને પ્રદૂષણથી આ વિસ્તારમાં આવવાની ફુરસદ નહીં.

આ હોનારતથી લોકોની વર્ષોની કમાણી નષ્ટ થઈ ગઈ. જે લોકો ગઇ કાલે સુખી જીવન જીવી રહ્યા હતા, તેઓ બીજા જ દિવસે ફૂટપાથ પર સુવા મજબૂર બન્યા. આ ઘટના આપણી જ્ઞાતિના ઇતિહાસમાં એક દારૂણ પાનું બની રહી. ઘણા કુટુંબો ઘર વિના થઈ ગયા. પહેરેલા કપડાં સિવાય બધું બળી ગયું. કોઈ સગાં-સંબંધીઓ, પરાઓ અને વતનમાં આશરો લેવા મજબૂર બન્યા. ચોરી અને લૂંટફાટ પણ થઈ. વિસ્ફોટની અસર માત્ર બંદર કે વેપાર સુધી મર્યાદિત નહોતી. તેની સીધી અસર આપણાં સમાજજીવન, કુટુંબ પ્રણાલી અને રોજિંદી જિંદગી પર પડી. ઈશ્વરનો પાડ માનવો રહ્યો કે બનાવ ધોળે દહાડે ન થયો જેથી આર્થિક નૂકશાની ઘણી થઈ પણ જાનહાની ખાસ ન થઇ. આપણી જ્ઞાતિના શ્રી સોજપાર રતનસી મેઘણ છેડા, સુથરી ઉ. ૨૭ મુંબઈ હોનારતનો ભોગ બન્યા. તેઓ ગોદી મુકાદમીમાં નોકરી કરતા હતા. બનાવ બાદ સવા મહિને એમની લાશ મળી.

અનંત ભુવનમાં આગથી દાદરો પડી ગયો. એક વિધવા બાઈએ પોતાના દાગીના બચાવી આપવા વિનંતી કરી આપણો એક યુવાન ગટરના પાઇપ માર્ગે ચડી જાનના જોખમે ઉપર જઈ દાગીનાનો ડબ્બો લઈ આવ્યો અને આપ્યો.

જ્યારે સતત આગ ઓલવવાના કામમાં લાગેલા બંબાવાળા થાકી ગયા અને પાણીનો મારો બંધ કરવાની તૈયારીમાં હતા ત્યારે આપણા એક યુવાને આગળ આવી રાતના ૩.૦૦ વાગ્યાથી સવારના આઠ વાગ્યા સુધી પાણીનો મારો સતત ચાલુ રાખ્યો અને તેથી અનંત ભુવનનો આગલો માળો બચી ગયો. કામથી અને પાણી વચ્ચે રહેવાથી આ યુવાનના અંગો થીજી ગયેલા પણ કામ અધૂરું મૂક્યું નહીં.

બીજા એક બનાવમાં એક બહેન બેભાના હાલતમાં માળા નીચે પડી ગયા આપણા શ્રીમંતોની મોટરો હતી પણ કોઈ બહેનને હોસ્પિટલમાં લઈ જવા તૈયાર નહીં. છેવટે એક ખોજાભાઈ આગળ આવ્યા અને હોસ્પિટલમાં પહોંચાડી. પાંચ દિવસ આવું ચાલ્યું આગેવાનો આવ્યા નહીં. ઝેરી ધુમાડો અને ખાવાની અનિયમિતતા કામના થાકથી ઘણા સેવાભાવી આપણી જ્ઞાતિના લોકો બીમાર પડ્યા છતાં સેવા આપતા રહ્યા.

(નોંધઃ થોડા વાંચકોએ પોતાના અનુભવો, સાંભળેલી વાતો જણાવી છે તે આગામી લેખોમાં આવરી લેવાશે. હજુ પણ કોઇની પાસે જાણકારી હોય તે મોકલી આપવા વિનંતી) **(ક્રમશઃ)**

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

સિંગાપુરના 'ટ્રી લેડી' કીર્તિદા મેકાણીનું અવસાન

મૂળ નલિયાના નવીનભાઈ મૂલજી સોનાવાલાના દિકરી કીર્તિદા ભરત મેકાણી (કેડીઓ) હુબલીમાં સ્થાઈ થયા બાદ સિંગાપુરમાં વસવાટ કર્યો. કીર્તિદાબેન જાન્યુઆરી-૧૯, ૨૦૨૬ના અવસાન પામ્યા છે.

બાળપણથી પ્રકૃતિના પ્રેમમાં પડેલા કીર્તિદાબેન સિંગાપુરમાં પણ એ પ્રેમનો પર્યાવરણ રક્ષણમાં, વૃક્ષ વિકાસમાં ઉપયોગ કર્યો. કીર્તિદાબેને સિંગાપુરની હરિયાળી જાળવણી અને અર્બન સસ્ટેઈનબિલિટીના પ્રયાસોમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. સિંગાપુરમાં તેઓ 'ટ્રી લેડી' તરીકે ઓળખાતા હતા.

કીર્તિદાબેન સિંગાપુર એન્વાયરમેન્ટ કાઉન્સીલના પ્રથમ એક્ઝીક્યુટીવ ડિરેક્ટર હતા ઉપરાંત 'પ્લાંટ એ ટ્રી' ઝુંબેશના સહ સ્થાપક હતા. નેશનલ પાર્ક્સ બોર્ડ સાથે ૧૯૨૪માં કીર્તિદાબેનને સિંગાપુરના મહિલાઓના હોલ ઓફ ફેમ માટે સામેલ કરાયા હતા.

કીર્તિદાબેન પર્યાવરણ, કળા અને એન્વાયરમેન્ટ, સિવીક કમ્યુનિટીઝ સાથે જોડાયેલા હતા. ૨૦૧૫માં સિંગાપુરનો 'રાષ્ટ્રપતિ પદક' પ્રાપ્ત થયો હતો. તેઓ કદઓ વિદ્યાર્થીઓને સિંગાપુરમાં અભ્યાસ તથા અન્ય બાબતો માટે ખૂબ જ મદદરૂપ બનતા હતા.

અખિલભારત અચલગચ્છ વિધીપક્ષ શ્વે.જૈન સંઘ

વર્ષીતપ સમુહ પારણા સમિતિના કન્વીનર તરીકે નયન અશોક ભેદા -વારાપધ્ધર તથા હેમચંદ મુરજી ગડા - નાના રતાડીયાની અને વૈયાવચ્ચ સમિતિના કન્વીનર તરીકે જીતેન્દ્ર ગાંગજી વોરા-નારાણપુર (સાંતાક્રુઝ) તથા ટોકરશી કેશવજી મારુ-પુનડી (અમદાવાદ), સહ કન્વીનર તરીકે મુકેશ દામજી મૈશેરી-લાલા (મુલુંડ) તથા મનોજ દામજી લોડાયા-બાંડીયા (ભાંડુપ)ની નિયુક્તિ કરવામાં આવી છે.

દેશભરનાં ૯૧ મુમુક્ષો કોઠારા તીર્થે પધાર્યા

તારક તીર્થંકર પરમાત્માની ૧૧૯ કલ્યાણક ભૂમિઓની સ્પર્શના કરી સમસ્ત જૈન સંપ્રદાયના ભારતભરનાં ૯૧ મુમુક્ષોએ સાવલા એન્ડ લોડાયા ટુર્સના પ્રવિણભાઇ લોડાયાના આયોજન-માર્ગદર્શનથી કચ્છની પંચતીર્થી તથા તીર્થોની સ્પર્શના કરતા અબડાસા મોટી પંચતીર્થીના કોઠારા તીર્થે પધારતા તેઓનું વાજતે-ગાજતે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવેલ.

એકી સાથે ૯૧ મુમુક્ષુઓ કોઠારા તીર્થે પહોંચતાં દીક્ષાર્થી અમર રહો અને જિનશાસનનો જય જયકારના નાદોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. અચલગચ્છ, તપાગચ્છ, ખરતરગચ્છ તથા અન્ય જૈન સંપ્રદાયોનાં ૯૧ મુમુક્ષુઓએ કોઠારા તીર્થે પાવન પગલા કરતાં કોઠારા તીર્થની પાવન ધરા ધન્ય ધન્ય બની હતી.

